અપીલ અરજી નં.૧૩૩ તા.૧૦–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૯–૭–૦૯ની અરજીથી જરીગીલીટના તેમજ જરીના કારખાના શરૂ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ નથી જેથી બંધ કરવાનો પ્રશ્ન રહેતો નથી. તેવા સેન્ટ્રલ ઝોન, આરોગ્ય સેનીટેશન આ.નં.૧૦૭ તા.૨–૭–૦૯ ના પત્રમાં જણાવેલ હોઈ તો કારખાના બંધ કરવાની જવાબદારી કયા વિભાગની આવે છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૩/૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૯–૭–૦૯ની અરજીથી જરી ગીલીટના તેમજ જરીના કારખાના શરૂ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ નથી જેથી બંધ કરવાનો પ્રશ્ન રહેતો નથી. તેવા સેન્ટ્રલ ઝોન, આરોગ્ય સેનીટેશન આ.નં.૧૦૭ તા.૨–૭–૦૯ ના પત્રમાં જણાવેલ હોઈ તો કારખાના બંધ કરવાની જવાબદારી કયા વિભાગની આવે છે તેની માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૨ તા.૧૮–૮–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આ.નં.૭૪૫ તા.૫–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી, ફી ભર્યાની વિગત, તથા નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૭૨૧ તા.૩૧–૮–૦૯ ના પત્રની નકલ, સ.ઝોન/આરોગ્ય/ આ.નં.૧૦૭ તા.૨–૭–૦૯ ના પત્રની નકલ તથા અપીલ નં.૪૯૭ આયોગનો હુકમ રજૂ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જરી ગીલીટના તેમજ જરીના કારખાના શરૂ કરવાની પરવાનગી સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ નથી જેથી બંધ કરવાનો પ્રશ્ન રહેતો નથી. તેવા સેન્ટ્રલ ઝોન, આરોગ્ય સેનીટેશન આ.નં.૧૦૭ તા.૨–૭–૦૯ ના પત્રમાં જણાવેલ હોઈ તો કારખાના બંધ કરવાની જવાબદારી કયા વિભાગની આવે છે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે સમય મર્યાદામાં માહિતી નહી મળવાથી અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨૧ તા.૩૧–૮–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં " જરી ગીલીટના તેમજ જરીના કારખાના બંધ કરવાની જવાબદારી કયા વિભાગની છે તે પ્રશ્ન બાબતે અત્રેના રેકર્ડ મુજબ આપે રાજય માહિતી આયોગમાં કરેલ અપીલ નં.૪૯૭/૦૭–૦૮ ની અરજીના હુકમમાં ચીફ ઈન્ફોર્મેશન કમિશનરશ્રીએ તા.૧૬–૬–૦૯ ના હુકમમાં પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી ફોરેસ્ટ એન્ડ ઈન્વાયરમેન્ટ ડીપાર્ટમેન્ટ,ગર્વમેન્ટ ઓફ ગુજરાત સચિવાલય, ગાંધીનગરને કાર્યવાહી બાબતે જાણ કરેલ છે" તેવો જવાબ અરજદારને પાઠવેલ છે. જેના અનુસંધાને અરજદારે અપીલ તબકકે તા.૪–૯–૦૯ ના રોજ પુનઃ અપીલ કરી માહિતી સમય મર્યાદામાં શા માટે આપવામાં આવી નથી તથા ખોટો અને અસંતોષકારક જવાબ આપેલ છે તથા કારખાના બંધ કરાવવાની જવાબદારી કયા વિભાગની આવે છે તેની માહિતી આપવામાં આવેલ નથી તથા અપીલ નં.૪૯૭ અંગે રાજય માહિતી આયોગે તા.૧૬–૬–૦૯ ના હુકમ પ્રિન્સીપલ સેક્રેટરી ફોરેસ્ટ એન્ડ ઈન્વાયરમેન્ટ ડીપાર્ટમેન્ટ, ગર્વમેન્ટ ઓફ ગુજરાત સચિવાલય, ગાંધીનગરને કાર્યવાહી બાબતે જાણ કરેલ પરંતુ વન અને પર્યાવરણ વિભાગે ક્રમાંક નં.ઈએનવી/૧૦૨૦૦૯–૧૦૨૭–ઈ તા.૨૮–૭–૦૯ ના પત્રથી કાર્યવાહી કરવાની જવાબદારી મ્યું કમિશનરશ્રીની આવે છે એવું જણાવે છે તેવી રજૂઆત કરેલ છે.

અરજદારની રાજય માહિતી આયોગની અપીલ નં.૪૯૭/૦૭–૦૮ ના અનુસંધાનમાં તા.૧૬–૬–૦૯ ના રોજ આયોગે કરેલ હુકમ અંગેપ્રિન્સીપલ સેક્રેટરી શ્રી ફોરેસ્ટ એન્ડ ઈન્વાયરમેન્ટ ડીપાર્ટમેન્ટ,ગર્વમેન્ટ ઓફ ગુજરાત સચિવાલય, ગાંધીનગરને કાર્યવાહીની જાણ કરેલ. ત્યાર બાદ સદરહુ વિભાગના પત્ર ક્રમાંક ઈએનવી/૧૦૨૦૦૯/૧૦૨૭–ઈ વન અને પર્યાવરણ વિભાગના તા.૨૮–૭–૦૯ ના પત્રથી તેવી જવાબદારી અંગે સુરત મહાનગરપાલિકા પ્રસ્તુત જરી ઉદ્યોગના કાર્ય સ્થળની પૂરેપૂરી માહિતગાર છે તેમજ શહેરના લોકોના આરોગ્ય ની જવાબદારી પણ તેના શિરે છે તેથી તા.૧૬–૬–૦૯ ના હુકમ અંગે જરૂરી માહિતી સુરત મહાનગરપાલિકાએ પૂરી પાડવાની રહે તેવું જણાવેલ. જે અંગે અત્રેથી નં.આરટીઆઈ સેલ/૫૪૪ તા.૨૭–૮–૦૯ ના પત્રથી અમલવારી કરી રેકર્ડ આધારીત માહિતી આપી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે અરજદારના તા.૨૪–૮–૦૯ ના પત્રથી કરેલી રજૂઆત બાબતે પણ અત્રેથી નં.આરટીઆઈ સેલ/૫૮૫ તા.૨–૯–૦૯ ના રોજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને કાર્યવાહી માટે જણાવેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૩૭૪ તા.૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ: –૯ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ